For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક પ્રદૂષણ બેફામ : લોકરોષ અને ગાંધીનગર સુધી ફરિયાદો જતાં આખરે GPCB જાગ્યું

# મિની નદીમાં કેમિકલ યુક્ત પાણી છોડતી મિરેકલ અને કપિલા હેચરીઝને ક્લોઝર નોટિસ !

**૭ જુલાઈએ** નદીનું પાણી ભૂરું થઈ જવા છતાં તંત્ર ઊંઘતું રહ્યું; ગ્રામજનોની લડત બાદ સ્ટ્રોમ ડ્રેનેજમાંથી કેમિકલ લાઈન પકડાઈ



(પ્રતિનિધિ) સાવલી તા.30

વડોદરાના સાવલી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા મિરેકલ કેમિકલ્સ અને કપિલા હેચરીઝ દ્વારા મિની નદીમાં ખુલ્લેઆમ ઝેરી કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતું હોવા છતાં, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ના સ્થાનિક અધિકારીઓની શંકાસ્પદ નિષ્ક્રિયતા સામે આવી છે,. ગત ૭ જુલાઈના રોજ ચોમાસા અને વરસાદની આડમાં કંપનીઓ દ્વારા દૂષિત પાણી છોડાતા મિની નદીનું પાણી ઘેરા ભૂરા રંગનું થઈ ગયું હતું, પરંતુ શરૂઆતમાં જીપીસીબીના સ્થાનિક અધિકારીઓએ આંખ આડા કાન કર્યા હોવાનો ગ્રામજનોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

નદીનું પાણી ઝેરી બનતા અને આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાતા સ્થાનિક ગ્રામજનોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો હતો. સ્થાનિક કક્ષાએ યોગ્ય સુનાવણી કે કાર્યવાહી ન થતાં આખરે ગ્રામજનો અને પર્યાવરણપ્રેમીઓએ ગાંધીનગર સ્થિત જીપીસીબી વડામથક અને સંબંધિત વિભાગોમાં લેખિત ફરિયાદોનો મોર્ચો માંડ્યો હતો. ગાંધીનગરથી ઉચ્ચ સ્તરેથી દબાણ અને આદેશો છૂટતાં આખરે સુસ્ત પડેલા જીપીસીબીના સ્થાનિક અધિકારીઓએ નાછૂટકે દોડતા થઈને તપાસ હાથ ધરવી પડી હતી.

ઉચ્ચ કક્ષા થી સૂચના બાદ સ્થળ તપાસ માટે પહોંચેલી ટીમ પણ ચોંકી ઉઠી હતી. તપાસ દરમિયાન વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનમાંથી જ સીધું કેમિકલયુક્ત ઝેરી પાણી નદીમાં ઠાલવવામાં આવતું હોવાનું પકડાયું હતું. આ ઉપરાંત, કંપની પરિસરમાં કોઈપણ પ્રકારના સુરક્ષાત્મક કે કાયદાકીય લેબલિંગ વગર સંગ્રહિત કરાયેલા ૬,૦૦૦ જેટલા એચડીપીઈ ડ્રમ્સ મળી આવ્યા હતા.

આટલા ગંભીર વિગતો અને પર્યાવરણ સાથેના ખીલવાડ છતાં પણ જીપીસીબી દ્વારા હાલ માત્ર ૧૫ દિવસની ક્લોઝર નોટિસ અને દિશા-નિર્દેશ નોટિસ આપીને સંતોષ માનવામાં આવ્યો છે. સ્થાનિક લોકોનો આરોપ છે કે જીપીસીબીના અધિકારીઓ દર વખતે માત્ર નોટિસો આપીને કાગળ પરની કામગીરી દર્શાવે છે, પરંતુ આવી ફેક્ટરીઓ થોડા દિવસો બાદ ફરી ધમધમતી થઈ જાય છે. ગ્રામજનોએ માંગ કરી છે કે જો ભવિષ્યમાં પર્યાવરણ અને લોકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરવાનો પ્રયાસ થશે, તો માત્ર કામચલાઉ નોટિસ નહીં પરંતુ કાયમી તાળાં મારીને ગુનાહિત કાર્યવાહી દાખલ કરવામાં આવે.





## લોકોની ફરિયાદો કચરાપેટીમાં ધકેલાતી રહી, આખરે ઉચ્ચ સ્તરેથી આદેશ મળતાં અધિકારીઓ દોડ્યા

સાવલીમાં મિની નદીમાં ઝેરી કેમિકલ ઠાલવીને જળસ્રોત નષ્ટ કરવાનો કાળો ખેલ લાંબા સમયથી ચાલી રહ્યો હતો. ૭ જુલાઈએ નદીનું પાણી ભૂરું થઈ જતાં ગ્રામજનોએ સ્થાનિક કચેરીએ દેકારો મચાવ્યો હતો, પરંતુ જીપીસીબીના અધિકારીઓની કથિત રહેમનજર હેઠળ કોઈ નક્કર પગલાં લેવાયા નહોતા. આખરે આક્રોશાયેલા ગ્રામજનોએ ગાંધીનગર સુધી રજૂઆતો પહોંચાડી અને ગાંધીનગરથી તપાસના આદેશો છૂટ્યા ત્યારે જઈને સ્થાનિક અધિકારીઓ સ્થળ પર દોડ્યા હતા. જ્યાં તપાસમાં સ્ટ્રોમ ડ્રેનેજમાંથી કેમિકલનો ગેરકાયદે નિકાલ અને નિયમબદ્ધ લેબલ વિનાના ૬,૦૦૦ HDPE ડ્રમ્સ પકડાયા હતા,. માત્ર ૧૫ દિવસની ક્લોઝર નોટિસ આપીને જીપીસીબીએ સંતોષ માન્યો છે, ત્યારે લોકમાંગ છે કે આવા બેજવાબદાર એકમો પર કાયમી ધોરણે શિક્ષાત્મક પગલાં ભરાવા જોઈએ.

### શહેરમાં સાયબર ગુનાઓમાં સતત વધારો સાયબર પોલીસ ગુના ડિટેક્ટ કરવામાં સાવ નિષ્ફળ

# કરોડોના ફ્રોડ સામે સાયબર ક્રાઈમની કંગાળ કામગીરી : વધુ ત્રણ ઠગાઈની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરમાં સાયબર છેતરપિંડીના બનાવો જાણે બેફામ બન્યા હોય તેમ રોજેરોજ નવા કિસ્સા સામે આવી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનામાં સાયબર ગુનાઓમાં સતત વધારો થયો હોવા છતાં આ પ્રકારના ગુનાઓને કાબૂમાં લેવામાં સાયબર પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. તાજેતરમાં જ સાયબર છેતરપિંડીના ત્રણથી ચાર બનાવોમાં કરોડો રૂપિયાની રકમ ગુમાવાઈ છે. એક તરફ સામાન્ય નાગરિકો પોતાની મહેનતની કમાણી ગુમાવી રહ્યા છે, તો બીજી તરફ સાયબર ક્રાઈમ પોલીસ આવા ગુનાઓના મૂળ સુધી પહોંચવામાં કેટલી સફળ રહી છે તે ચર્ચાનો વિષય બન્યો છે. વધતા ગુનાઓ વચ્ચે આરોપીઓ સુધી પહોંચવામાં નિષ્ફળતા સામે સાયબર ક્રાઈમ એસીપી સહિતની ટીમની કામગીરી પણ અત્યંત કંગાળ જોવા મળી રહી છે ત્યારે શું એસી અને પંખામાં બેસવા ટેવાયેલા એસીપી સહિતના અધિકારી અને સ્ટાફની કામગીરી સામે ઉચ્ચ અધિકારી એક્શન લેશે ખરા?

### HB ULTRA એપ ડાઉનલોડ કરાવી રોકાણના નામે રૂ.૧.૩૪ કરોડ પડાવ્યા

## HSBC Securitiesના નામે નિવૃત્ત મર્ચન્ટ નેવી કર્મચારીને રૂ.૧.૩૩ કરોડનો સાયબર ફટકો

**માત્ર** રૂ.૧.૫૦ લાખ પરત આપી વધુ નાણાંની માંગણી કરતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો, ૧૯૩૦ પર ફરિયાદ



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરમાં શેરબજારમાં ઊંચું વળતર અપાવવાની લાલચ આપી નિવૃત્ત મર્ચન્ટ નેવી કર્મચારી સાથે રૂ.1.33 કરોડની સાયબર છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. મકરપુરા વિસ્તારમાં રહેતા 60 વર્ષીય મહેશભાઈ વાસવાણીને ફેસબુક પર HSBC Securitiesના નામે જાહેરાત બતાવી વોટ્સએપ ગ્રૂપમાં જોડવામાં આવ્યા હતા. ત્યારબાદ ઈન્સ્ટિટ્યૂશનલ સ્ટોકમાં રોકાણના નામે HB ULTRA એપ ડાઉનલોડ કરાવી અલગ-અલગ બેંક ખાતામાં કુલ રૂ.1.34 કરોડ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા.

ફરિયાદ મુજબ, ગત 3 ઓગસ્ટે ફેસબુક પર જાહેરાત જોયા બાદ મહેશભાઈને વોટ્સએપ ગ્રૂપમાં જોડવામાં આવ્યા હતા. પોતાને HSBC Investment અને HSBC Securities સાથે સંકળાયેલા હોવાનું જણાવતા શખ્સો શેરબજારમાં સ્ટોકની ભલામણ કરતા હતા. બાદમાં તેમને '761 VIP-Mahesh' ગ્રૂપમાં ઉમેરી ઈન્સ્ટિટ્યૂશનલ સ્ટોક ખરીદવા પ્રેરિત કરાયા હતા.

સ્વસ્તિક ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડના શેરમાં અપર સર્કિટ હોવાનું કહી ઈન્સ્ટિટ્યૂશનલ એકાઉન્ટ ખોલાવવાની વાત કરવામાં આવી હતી. વેબસાઈટ પર ફોર્મ ભરાવી વ્યક્તિગત વિગતો મેળવી HSBC Securitiesના નામ-લોગોવાળું સર્ટિફિકેટ મોકલાયું હતું. 19 ઓગસ્ટે HB ULTRA એપ ડાઉનલોડ કરાવી KYC કરાવ્યા બાદ રોકાણ શરૂ કરાયું હતું. એપના ચેટબોટ મારફતે જણાવાતા અલગ-અલગ ખાતામાં 19 ઓગસ્ટથી 26 સપ્ટેમ્બર દરમિયાન રૂ.1.34 કરોડ ટ્રાન્સફર કરાયા હતા. તેમાં રૂ.50 હજારથી શરૂ કરી રૂ.50 લાખ સુધીના વ્યવહારો થયા હતા. વધુ નાણાંની માંગણી ચાલુ રહેતાં છેતરપિંડીની શંકા ગઈ હતી. સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ બાદ પોલીસે બેંક સ્ટેટમેન્ટ, વોટ્સએપ ચેટ, એપ અને સંબંધિત ખાતાધારકોની વિગતોના આધારે તપાસ હાથ ધરી છે.

### ફ્રી મૂવી ડાઉનલોડની લાલચે APK એપ ડાઉનલોડ કરાવતાં રૂ.૧.૬૪ લાખની સાયબર ઠગાઈ

વડોદરાઃ ન્યૂ VIP રોડના ખોડીયારનગરમાં રહેતા અને ખાનગી કંપનીમાં પર્ચેઝ એન્જિનિયર તરીકે નોકરી કરતા જૈમિન રાણાને Instagram પર ફ્રી મૂવી ડાઉનલોડની જાહેરાત જોવા મળતાં તેમણે આપેલી લિંક પરથી APK એપ ડાઉનલોડ કરી હતી. તા.27 સપ્ટેમ્બરે iflixtvtv.com પર આવેલી જાહેરાતમાં 'Unlimited Movies and TV Shows' સાથે APK ડાઉનલોડ કરવાનો વિકલ્પ હતો. એપ ખોલ્યા બાદ મોબાઇલ હેંગ થવા લાગ્યો હતો. બીજા દિવસે મોબાઇલ બંધ થઈ ગયો અને ચાલુ કર્યા બાદ વારંવાર હેંગ થવા લાગ્યો હતો. શંકા જતા તેમણે એપ અનઇન્સ્ટોલ કરી હતી. દરમિયાન બેંકમાંથી ફોન આવતા ખાતામાં શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયાની જાણ થઈ હતી. તપાસ કરતાં તા.28 સપ્ટેમ્બરે ત્રણ અલગ-અલગ બેંક ખાતામાં કુલ રૂ.2.43 લાખના ઓનલાઇન વ્યવહારો થયા હોવાનું બહાર આવ્યું હતું.

### રૂ.૧ ભરવાની પ્રક્રિયા બાદ ૧૪ ઓનલાઇન ટ્રાન્ઝેક્શનથી બેંક ખાતું ખાલી

## RTO ચલણની લિંક ખોલતાં CCTV ટેકનિશિયનના રૂ.૬.૧૩ લાખ ઉપડ્યા




(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરમાં RTO ચલણના નામે સાયબર ઠગાઈનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતા 42 વર્ષીય CCTV ટેકનિશિયન ભાવીનકુમાર પટેલને વોટ્સએપ પર કારનું RTO ચલણ ભરવાની લિંક મોકલવામાં આવી હતી. લિંક ખોલ્યા બાદ રૂ.1 ભરવાની પ્રક્રિયા કરાવવામાં આવી હતી. જોકે, ત્યારબાદ તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ 14 ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.6.13 લાખ ઉપડી ગયા હતા.

ગત તા.15 સપ્ટેમ્બરે ભાવીનકુમારને લિંક મળ્યા બાદ તેમણે રૂ.1 ટ્રાન્સફર કરવાની કોશિશ કરી હતી, પરંતુ ટ્રાન્ઝેક્શન થયું નહોતું. ત્યારબાદ તેમના મોબાઈલ પર વિવિધ કંપનીઓના OTP મેસેજ આવવા લાગ્યા અને અજાણ્યા નંબરો પરથી ફોન પણ આવ્યા હતા. તેમણે કોઈ ફોન રિસીવ કર્યો નહોતો અને સાવચેતીના ભાગરૂપે મોબાઈલ બંધ કરી દીધો હતો. બીજા દિવસે મોબાઈલ ફોર્મેટ પણ કરી નાખ્યો હતો. તા.18 સપ્ટેમ્બરે IDBI બેંક ખાતામાંથી રૂ.9,999.51 ઉપડી ગયાનો મેસેજ મળ્યો હતો. બેંકમાં તપાસ કરતાં કુલ રૂ.6.13 લાખ ઉપડ્યાનું બહાર આવ્યું હતું. બનાવ અંગે 1930 પર ફરિયાદ નોંધાવતાં પોલીસે રકમ ટ્રાન્સફર થયેલા ખાતાઓના ધારકો સહિત સંડોવાયેલા શખ્સોની તપાસ હાથ ધરી છે.

### નર્મદા ડેમ છલકાયો, ગુજરાતમાં જળસમૃદ્ધિનો ઉત્સવ

# મુખ્યમંત્રીએ સતત ત્રીજા વર્ષે જળપૂજન કરીને નર્મદા જળની વંદના કર્યા

**૧૩૮.૬૮** મીટરની મહત્તમ સપાટીએ પહોંચ્યો સરદાર સરોવર ડેમ; રાષ્ટ્રાર્પણ બાદ સાતમી વખત ડેમ સંપૂર્ણ ભરાયો



(પ્રતિનિધિ) એકતાનગર તા.30

ગુજરાતની જળ અને કૃષિ વ્યવસ્થાની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે ૪૫૫ ફુટની સપાટીએ પહોંચી ગયો છે. ડેમ પૂર્ણ સપાટીએ પહોંચતાં એકતાનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નર્મદા નીરનું પૂજન કરી વધામણાં કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ સરદાર સરોવર ડેમનું રાષ્ટ્રાર્પણ કર્યા બાદ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪, ૨૦૨૫ અને હવે ૨૦૨૬માં ડેમ તેની મહત્તમ સપાટીએ પહોંચ્યો છે. ૧૩૮.૬૮ મીટરની સપાટીએ ડેમની કુલ જળ સંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મિલિયન ઘન મીટર છે. સરદાર સરોવર નર્મદા ડેમ પ્રોજેક્ટ મારફતે ગુજરાતના ૧૦,૪૫૩ ગામો, ૧૯૧ શહેરો અને ૦૭ મહાનગર પાલિકાઓની આશરે ૪ કરોડથી વધુ વસ્તીને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. નર્મદા જળ ગુજરાતના વિવિધ વિસ્તારો માટે પીવાના પાણી ઉપરાંત સિંચાઈ અને અન્ય જળ જરૂરિયાતો માટે પણ મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ચાલુ વર્ષમાં સમગ્ર નર્મદા બેસીનમાં આવેલા પાણીના જથ્થાને ધ્યાને લેતાં સામાન્ય વર્ષોમાં ગુજરાતને ફાળવવામાં આવતા ૯ મિલિયન એકર-ફૂટ (MAF)ની સામે હાલમાં આશરે ૭.૯ MAF પાણી ઉપલબ્ધ છે. તેમણે ઉપલબ્ધ જળનો કરકસરપૂર્વક અને આયોજનબદ્ધ ઉપયોગ કરી પાણીના દરેક ટીપાનો મહત્તમ સદુપયોગ કરવાની જવાબદારી પર ભાર મૂક્યો હતો.

સરદાર સરોવર ડેમ પૂર્ણ સપાટીએ પહોંચતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત ત્રીજા વર્ષે જળપૂજન કરીને નર્મદા જળની વંદના કરી હતી. કાર્યક્રમમાં પાણી પુરવઠા રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિત રાજ્ય સરકાર, SSNNL અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તરસાલીમાં વિધર્મીને મકાન વેચાણ મુદ્દે વિવાદ, બજરંગદળનો વિરોધ

**રૂપાલી** સોસાયટીમાં રાતોરાત મકાન વેચાણનો આક્ષેપ, અશાંતધારા લાગુ કરવાની માંગ ઉઠી



(પ્રતિનિધિ) વડોદરા,તા.30

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી રૂપાલી સોસાયટીમાં મકાન વેચાણની ઘટનાને લઈને વિવાદ વકર્યો છે. સોસાયટીમાં એક મકાનના વેચાણને લઈને સ્થાનિક રહીશોમાં નારાજગી જોવા મળી રહી છે, જે મામલે હવે બજરંગદળ તરસાલી પ્રખંડ મેદાને આવ્યું છે.

બજરંગદળ તરસાલી પ્રખંડના સંયોજક ક્રિષ્ણા ઉદેસિંહે જણાવ્યું હતું કે, તેમની ટીમને જાણ થઈ હતી કે રૂપાલી સોસાયટીમાં કોઈને રાતોરાત મકાન આપવામાં આવ્યું છે. આ પ્રક્રિયા દરમિયાન સોસાયટીના પ્રમુખ કે અન્ય રહીશોને કોઈ જાણ કરવામાં આવી ન હતી. આવી રીતે સોસાયટીના નિયમોની અવગણના કરીને થતું વેચાણ સાંખી લેવામાં નહીં આવે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ વિસ્તાર અને આજુબાજુની સોસાયટીઓમાં સામાજિક સંવાદિતા અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અશાંતધારાનો કાયદો લાગુ પાડવો જરૂરી છે. તેમના મતે આ પ્રકારના કાયદાથી મકાન વેચાણ-ખરીદીની પ્રક્રિયામાં પારદર્શિતા રહેશે અને રહીશોને વિશ્વાસમાં લઈને નિર્ણય લેવાશે. આ મામલે બજરંગદળની ટીમ સોસાયટીના રહીશોના સમર્થનમાં અડીખમ રીતે ઉભી છે અને આગામી સમયમાં પણ રહીશોની સાથે રહેશે તેવી ખાતરી આપવામાં આવી છે. હાલ તરસાલી વિસ્તારમાં આ મુદ્દે ભારે ચર્ચા ચાલી રહી છે.

### ૧૯૮૬ની જર્જરિત ઇમારતનું થશે ડિમોલિશન : મ્યુનિ. કમિશનરની વિઝિટ

# ફતેગંજમાં ૩૮ વર્ષ જૂની જર્જરિત વર્કિંગ વુમન્સ હોસ્ટેલ આધુનિક બનાવાશે

**બજેટ** આયોજન હેઠળ ૧૦૦ રૂમની આધુનિક હોસ્ટેલ આકાર લેશે; હાલની ૨૬ દીકરીઓને અન્યત્ર શિફ્ટ કરાશે



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલી વર્કિંગ વુમન્સ હોસ્ટેલની મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ રૂબરૂ મુલાકાત લઈ ઈમારતની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. વર્ષ ૧૯૮૬માં બનાવાયેલી આ હોસ્ટેલમાં અન્ય જિલ્લાઓ અને રાજ્યોમાંથી તેમજ શહેરના વિવિધ વિસ્તારોમાંથી નોકરી-રોજગાર માટે આવતી મહિલાઓ અને દીકરીઓ રહે છે.

આ હોસ્ટેલમાં અંદાજે ૩૬ રૂમ છે અને હાલમાં આશરે ૨૬ નોકરીયાત મહિલાઓ તથા દીકરીઓ વસવાટ કરી રહી છે. જોકે, વર્ષો જૂની ઈમારત હાલ ખખડધજ અને જર્જરિત બની ગઈ છે. હોસ્ટેલ અંગે કરાવવામાં આવેલા સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટમાં પણ ઈમારતની નબળી સ્થિતિ સામે આવી હતી. જેના પગલે કમિશનરે સ્થળ મુલાકાત કરી સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

કમિશનરે જણાવ્યું હતું કે, જર્જરિત ઈમારતની સુરક્ષાને ધ્યાનમાં રાખીને હાલમાં રહેતી તમામ મહિલાઓ અને દીકરીઓને વહેલી તકે અન્યત્ર સુરક્ષિત સ્થળે શિફ્ટ કરવામાં આવશે. ત્યારબાદ જૂની ઈમારતનું ડિમોલિશન કરી તે જ સ્થળે મહાનગરપાલિકાના બજેટ આયોજન મુજબ નવી વર્કિંગ વુમન્સ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે.

નવી હોસ્ટેલમાં અંદાજે ૧૦૦ રૂમ ઉપરાંત આધુનિક અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

# ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૨માં પ્રવેશ શરૂ

**૬ ઓક્ટોબર** સુધી ફોર્મ ભરી શકાશે : ૧૪ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો ઓપન સ્કૂલ દ્વારા અભ્યાસ પૂર્ણ કરી શકશે

(પ્રતિનિધિ) વડોદરા,30

ગુજરાતના જે વિદ્યાર્થીઓ અથવા નાગરિકો ધોરણ 10 અને 12નું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી, તેમના માટે મહત્વની તક સામે આવી છે. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ એટલે કે જીએસઓએસ હેઠળ ધોરણ 10 અને 12માં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ઈચ્છુક ઉમેદવારો 6 ઓક્ટોબર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

પ્રાપ્ત માહિતી મુજબ, રાજ્યના નાગરિકો આ માધ્યમથી પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને ધોરણ 10 અથવા 12 પાસ કરવાની તક મેળવી શકશે. ધોરણ 10માં પ્રવેશ માટે અરજદારની લઘુત્તમ ઉંમર 14 વર્ષ હોવી જરૂરી છે, જ્યારે ધોરણ 12માં પ્રવેશ માટે લઘુત્તમ ઉંમર 16 વર્ષ નક્કી કરવામાં આવી છે. ધોરણ 12માં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવાર માટે ધોરણ 10 પાસ હોવું ફરજિયાત છે. ખાસ વાત એ છે કે, ધોરણ 12માં પ્રવેશ માટે કોઈ મહત્તમ વયમર્યાદા રાખવામાં આવી નથી.

ઈચ્છુક અરજદારો નજીકની શાળામાં જઈને જરૂરી રજિસ્ટ્રેશન ફી ચૂકવીને પ્રવેશ ફોર્મ ભરી શકશે. ઓનલાઈન પ્રક્રિયા માટે જરૂરી વિગતો અને દસ્તાવેજો સાથે રાખવાના રહેશે. **જે વિદ્યાર્થીઓએ અભ્યાસ અધૂરો છોડ્યો હોય તેમના માટે આ વ્યવસ્થા શિક્ષણ ફરી શરૂ કરવાની મહત્વપૂર્ણ તક પૂરી પાડશે. રોજગારની સાથે અભ્યાસ પૂર્ણ કરવા ઈચ્છતા નાગરિકો પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

જીએસઓએસમાં ફોર્મ ભરવાની અંતિમ તારીખ 6 ઓક્ટોબર હોવાથી ઉમેદવારોએ સમયસર પ્રક્રિયા પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### સમા વિસ્તારમાં ૩૫૦થી વધુ બેઠક ક્ષમતાવાળું અદ્યતન ઓડિટોરિયમ બનશે

# સ્વાતિ માર્કેટની જગ્યાએ હવે ઓડિટોરિયમ, શાકમાર્કેટ માટે અલગ પ્લોટ ફાળવાયો!

**બીજા** રસ્તા પર સુવિધાયુક્ત શાકમાર્કેટનું આયોજન




(પ્રતિનિધિ) વડોદરા તા.30

શહેરમાં કાયદેસર અને સુવિધાયુક્ત શાકમાર્કેટોના અભાવને કારણે અનેક વિસ્તારોમાં રસ્તાઓ અને ખુલ્લી જગ્યાઓમાં બિનઅધિકૃત શાકમાર્કેટો ભરાતાં ટ્રાફિક તથા ગંદકીના પ્રશ્નો ઊભા થાય છે. આવી સ્થિતિ વચ્ચે સમા વિસ્તારમાં આવેલા સ્વાતિ શાક માર્કેટની જગ્યાએ ઓડિટોરિયમ બનાવવાની કવાયતથી સ્થાનિકોમાં શાકમાર્કેટના ભવિષ્ય અંગે ચર્ચા શરૂ થઈ હતી.

જોકે, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ સ્થળ મુલાકાત બાદ સ્થિતિ અંગે સ્પષ્ટતા કરી છે. સ્વાતિ માર્કેટ ખાતે ઓડિટોરિયમના નિર્માણ માટે સ્થળ નિરીક્ષણ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે ઓડિટોરિયમ અને શાકમાર્કેટ બંને અલગ-અલગ પ્રોજેક્ટ છે અને બંને માટેની જગ્યાઓ પણ જુદી છે.

હાલ જ્યાં સ્વાતિ શાક માર્કેટ ભરાય છે, તે સ્થળે હવે ૩૫૦થી વધુ લોકોની ક્ષમતા ધરાવતું અદ્યતન ઓડિટોરિયમ બનાવવાનું આયોજન છે. બીજી તરફ, શાકમાર્કેટ માટે સમા વિસ્તારમાં જ બીજા રસ્તા પર અલગ પ્લોટ ફાળવવામાં આવ્યો છે. આ સ્થળે પાલિકા દ્વારા કાયદેસર, વ્યવસ્થિત અને જરૂરી સુવિધાઓથી સજ્જ શાકમાર્કેટ વિકસાવવામાં આવશે.

સમા વિસ્તારમાં એક તરફ સાંસ્કૃતિક કાર્યક્રમો માટે અદ્યતન ઓડિટોરિયમની સુવિધા ઊભી થશે, તો બીજી તરફ સ્થાનિક રહીશોની રોજિંદી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અલગ સ્થળે શાકમાર્કેટ વિકસાવાશે. પાલિકા તંત્રની સ્પષ્ટતા મુજબ, સ્વાતિ માર્કેટની હાલની જગ્યાનો ઉપયોગ ઓડિટોરિયમ માટે અને બીજા રસ્તા પરનો અલગ પ્લોટ શાકમાર્કેટ માટે કરવામાં આવશે.

આ આયોજન અમલમાં આવ્યા બાદ નોર્થ ઝોનના સમા વિસ્તારના રહીશોને એક જ વિસ્તારમાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ઓડિટોરિયમ અને રોજિંદી ખરીદી માટે કાયદેસર શાકમાર્કેટ, બંને સુવિધાઓ ઉપલબ્ધ થવાની શક્યતા છે.